।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.

૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

OPEN BOOK / REGULAR શ્રેણી – ૯ WRITER YES / NO

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

MARKS

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૫)

૧. સમ પૃથ્વીથી નક્ષત્રના વિમાન કેટલા ઊંચે છે? ઉત્તમ લક્ષણ કેટલા છે? **૮૮૪ યોજન. ૧૦૦૮.**

૨. પરિગ્રહ એટલે શું? **મૂર્ચ્છા (આસક્તિ), મમત્વ (મારાપણું).**

૩. વહાલા લાગે તેવા પાપ કયા? **પરિગ્રહ, રાગ, પૈશુન્ય.**

૪. શ્રમણધર્મ એટલે શું? તે કેટલા છે? **સંયમ અને તપમાં નિરંતર શ્રમ કરનાર. તે દશ છે.**

૫. પચ્ચક્ખાણ આવશ્યકથી શું લાભ થાય છે? **ઈચ્છા નિરોધ થાય, તૃષ્ણા રહિત થવાથી પરમ શાંતિ પમાય.**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખી તે કયા પાઠમાં છે? તે લખો.** (૫)

૧. અપ્પડિહય **અપ્રતિહત=કોઈ પદાર્થથી હણાય નહિ એવા** **સામાયિકના સાતમા પાઠમાં**

૨. અસાવગ **શ્રાવકને નહિ કરવા યોગ્ય** **પ્રતિક્રમણના બીજા પાઠમાં**

૩. કમ્મઉ ય **કર્મ (વ્યાપાર) સંબંધી અને** **સાતમા વ્રતમાં**

૪. પરિભુત્તં **ભોગવેલી હોય** **બીજા શ્રમણસૂત્રમાં**

૫. પજ્જવસાણાણં પર્યંતના ................ પાંચમા શ્રમણસૂત્રમાં

(૩) બે શબ્દમાં જવાબ લખો. (૫)

૧. ધર્મગુરુના કોઈપણ બે નામ લખો. **મુનિ, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ.**

૨. લોગસ્સના બીજા નામ લખો. **ચતુર્વિંશતિ સૂત્ર, ઉત્કીર્તન સૂત્ર.**

૩. ચોથા વ્રતની કોટિની માત્ર સંખ્યા લખો. **છ કોટિ, એક કોટિ.**

૪. ત્રીજા શ્રમણસૂત્રમાં ઉત્તરગુણ કયા બતાવ્યા છે? **સ્વાધ્યાય, પ્રતિલેખન.**

૫. ઘોડાના અંગોપાંગ છેદ્યા હોય. **છવિચ્છેએ, નિલ્લંછણકમ્મે.**

(૫૫)

પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે લખો. (૩૦)

(૧) વ્યાખ્યા લખો. (૫)

૧. રસનેન્દ્રિય ઈહા **નિર્ણય થાય નહિ કે આ સ્વાદ કેરીનો છે કે કારેલાનો? સંશયની વિચારણા.**

૨. આવશ્યક વ્યતિરિક્ત **આવશ્યક સૂત્ર સિવાયનું સૂત્ર.**

૩. ફૂલની ચંગેરી **ફૂલની ટોપલી, ફૂલનો ગુચ્છો.**

૪. પરંપર સિદ્ધ કેવળજ્ઞાન **જેને સિદ્ધ થયાને એકથી અધિક સમય થયો હોય તેમના જ્ઞાનને પરંપર સિદ્ધ કેવળજ્ઞાન કહે છે.**

૫. જ્ઞેય **જાણવા યોગ્ય પદાર્થ તે જ્ઞેય છે.**

(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૪)

૧. શ્રુતજ્ઞાનથી કેવી રીતે જુએ છે? **જેમ પ્રત્યક્ષ દેખાઈ રહ્યું હોય તેમ શ્રદ્ધાથી સ્પષ્ટ જુએ છે.** (૧×૧૦)

૨. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કોને થાય? **૧) સંજ્ઞી મનુષ્ય અને ૨) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય.**

૩. મન:પર્યવજ્ઞાન શેને પ્રગટ કરે છે? **મનુષ્યક્ષેત્રના પ્રાણીઓના મનના ચિંતિત અર્થને પ્રગટ કરે છે.**

૪. ભાવથી કેવળજ્ઞાની કયા ભાવને જાણે છે? **ઉદય આદિ છ ભાવોને.**

૫. મતિજ્ઞાનનું બીજું નામ શું છે? તે કોને હોય છે? **આભિનિબોધિક જ્ઞાન. તે સમકિતી જીવોને હોય છે.**

૬. સ્થાવર જીવોનો સમાવેશ કયા શ્રુતમાં થાય છે? **અસંજ્ઞી કાલિકોપદેશ શ્રુત, અસંજ્ઞી હેતોપદેશ શ્રુત.**

૭. વિરતિ અપેક્ષા અવધિ અને મન:પર્યવનો તફાવત લખો. **અવધિજ્ઞાન અવિરતિ, પ્રમાદી, અપ્રમાદી, સમકિતી બધાને હોઈ શકે છે. મન:પર્યવજ્ઞાન માત્ર વિરતિને જ હોય છે.**

૮. પરોક્ષ જ્ઞાનના પ્રકાર લખો. **મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.**

૯. ભાવથી વિપુલમતિ ઉત્કૃષ્ટ કેટલું જાણે છે? **સર્વ ભાવોના અનંતમા ભાગને ઋજુમતિ કરતા અધિક, વિપુલ અને સ્પષ્ટ જાણે છે.**

૧૦. વ્યંજનાવગ્રહને સમજવા માટેના દ્દષ્ટાંતના માત્ર નામ લખો. **પ્રતિબોધક અને સરાવલા.**

૧૧. શ્રુતની અનાદિ પર્યાય અનાદિથી કેવી રીતે છે? **જેમ વર્ષાકાળે વાદળાથી ચંદ્ર તથા સૂર્ય ઢંકાઈ જાય છતાં પણ તેમની પ્રભા સર્વથા ઢંકાઈ જતી નથી. તેમ અનંત જ્ઞાનાવરણીય કર્મના આવરણનો ઉદય થવા છતાં પણ ચૈતન્યપણા સહિતનું જ્ઞાન સર્વથા આવરાતું નથી. આથી આમ સિદ્ધ થાય છે કે નિગોદના જીવ ને પણ અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન સદા પ્રગટ રહે છે, તેથી શ્રુત અનાદિ છે.** (૪)

**(૩) નીચેનાનો જઘન્ય-ઉત્કૃષ્ટ વિષય, આકાર લખો.** **(૪)**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ | આકાર |
|---|---|---|---|
| ૧. ગર્દતોયા | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **ત્રીજી નરકનો નીચેનો ચરમાંત** | **ઉર્ધ્વ મૃદંગના આકારે** |
| ૨. તમ:પ્રભા | **એક ગાઉ** | **દોઢ ગાઉ** | **ત્રાપાના આકારે** |
| ૩. ક્ષાયિક સમકિત હાથી | **જુગલિયા છે માટે ન હોય.** | | |
| ૪. આર્દ્રા | **સંખ્યાતા દ્વીપ-સમુદ્ર** | **સંખ્યાતા દ્વીપ-સમુદ્ર** | **ઝાલરને આકારે** |

**(૪) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. મતિજ્ઞાન .......... અને શ્રુતજ્ઞાન ......... છે. **કારણ, કાર્ય**

૨. શ્રુત નિશ્રિતનું બીજું નામ ........ છે. જેમાં શીખેલા......... નો પ્રભાવ કામ આવે છે. **મતિ, શ્રુતજ્ઞાન**

૩. ........... ........... તીર્થંકરને જન્મથી હોય. **અપ્રતિપાતી, અવધિજ્ઞાન**

૪. જેમાં .......... ના ઉચ્ચાર નથી તે ..... ..... શ્રુત. **અક્ષર, અનક્ષર**

૫. .........., .......... ને જ મન:પર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે. **ચારિત્રવાન, અપ્રમત્ત સંયમી**

**(૫) મને ઓળખો.** **(૨)**

૧. હું ૧૪ મા ગુણસ્થાને રહું છું. **અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.**

૨. તીર્થંકરને પણ દીક્ષા લીધા પછી જ થાઉં છું. **મન:પર્યવજ્ઞાન.**

૩. હું વાસ્તવિક પ્રત્યક્ષ છું. **નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન.**

૪. મને દર્શન નથી. **મતિજ્ઞાન.**

**(આ) ચાર કષાયના આધારે લખો.** **(૧૦)**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. કર્મોનો આત્મા સાથે ........ અને ......... બંધ થવો. **નિદ્ધત, નિકાચિત**

૨. વિના કારણે .......... ક્રોધ થાય. રોગ આવે તો ......... ને કારણે ક્રોધ થાય. **અપ્રિતિષ્ઠિત, શરીર**

૩. ........ કરેલ ......... ને વ્યવસ્થિત ગોઠવવા તે ઉપચણીયા. **એકઠા, છાણાંને**

૪. માયાના ......... ભાંગા અને કાળ .......... પ્રકારના છે. **૮૫૦, ૩**

**(૨) વ્યાખ્યા લખો.** **(૩)**

૧. ચણીયા **કષાયયુક્ત આત્મા કર્મ પુદ્ગલને ગ્રહણ કરે તે.**

૨. અણુપશાંત માન **જે માન ઉદય અવસ્થાને પ્રાપ્ત થાય.**

૩. પર પ્રતિષ્ઠિત **બીજાને માટે. બીજા કોઇને કારણે ક્રોધ આવે તે.**

**(૩) એક શબ્દમાં જવાબ લખો.** **(૩)**

૧. કષાયના દળિયા કેટલા છે? **છ** ૨. કષાય પન્નવણા સૂત્રમાં કેટલામું પદ છે? **ચૌદમું**

૩. માયાના પ્રકાર કેટલા? **ચાર** ૪. છાણા આઘા-પાછા કરવા તે શું? **ઉદીરણા**

૫. જેનાથી સંસાર વધે તે? **કષાય** ૬. જાણીને ક્રોધ કરે તે કયો ભેદ? **આભોગ**

**(ઇ) ચાર ધ્યાનના આધારે લખો.** **(૧૫)**

**(૧) અર્થ લખો.** **(૫)**

૧. અનુપ્રેક્ષા **ચિંતન, ધર્મ વિચારણા, આત્મામાં કેવા વિચાર કરવા તે.**

૨. શોચન **સતત ચિંતા/શોક કરવા. દીનતા બતાવવી.**

૩. **બહુ દોષ** **હિંસા વગેરે અનેક પાપમાં પ્રવૃત્ત રહેવું.**

૪. સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ **ચૌદમા ગુણસ્થાનની શ્વાસ-ઉચ્છ્વાસ આદિ સૂક્ષ્મ ક્રિયાથી પણ નિવર્તવાનું ચિંતવવું.**

૫. એગચ્ચાણુપ્પેહા **જીવ એકલો આવ્યો છે અને એકલો જશે તેનો વિચાર ચિંતવવો.**

**(૨)** આર્તધ્યાનનો ત્રીજો પાયો, ૨) રૌદ્રધ્યાનનું બીજું લક્ષણ, ૩) ધર્મધ્યાનનું બીજું આલંબન, ૪) શુક્લધ્યાન ની ત્રીજી અનુપ્રેક્ષા લખો. **(૪)**

૧) **રોગ વગેરે અનિષ્ટોનો વિયોગ ચિંતવવો.**

૨) **જૂઠ : જૂઠનું ચિંતન કરવું. તેમાં આનંદ માનવો.**

૩) **પૃચ્છના : શંકા સમાધાન માટે પ્રશ્ન વગેરે પૂછવા.**

૪) **અનંતવૃત્તિતાનુપ્રેક્ષા : અનંત સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ શુભ–અશુભ કર્મ છે એમ વિચારવું.**

**(૩) અભવીમાં, છદ્મસ્થ તીર્થંકરમાં, તમસ્તમપ્રભા નરકમાં કયા ધ્યાન હોય? (૩)**

**અભવીમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન.**

**છદ્મસ્થ તીર્થંકરમાં ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

**તમસ્તમપ્રભા નરકમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન.**

**(૪) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારો. (૩)**

૧) વર્તમાને ચાર ધ્યાન હોય છે. **સાચું.**

૨) શ્રેણીમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન જોઈએ. **ખોટું. શ્રેણીમાં શુક્લધ્યાન જોઈએ.**

૩) દેહની શુભતાનો વિચાર કરવો. **ખોટું. દેહની અશુભતાનો વિચાર કરવો.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેવી જગ્યા પર પરઠવું? અંધારામાં કેવી રીતે ચાલવું? ઉપાશ્રયની બહાર જતા શું બોલવું?

**સચેત લીલોતરી કે જીવજંતુ આદિ રહિત જગ્યા પર વાંકા વળીને જોઈને જમીનથી ચાર આંગુલથી ઊંચેથી પરઠવું. અંધારામાં રજોહરણથી પૂંજીને ચાલવું. ઉપાશ્રયની બહાર જતા ત્રણ વાર આવસ્સહિ બોલવું.**

૨. પ્રવચન નિન્હવ એટલે શું? તે કેટલા છે? ગંગ અને ગોષ્ઠમાહિલ શા માટે નિન્હવ થયા?

**પ્રવચન નિન્હવ એટલે મહાવીર વચન વિરાધક. ગંગ : એક સમયમાં બે ક્રિયા માનવાવાળા.**

**ગોષ્ઠમાહિલ : જીવ કર્મથી સ્પૃષ્ટ હોય છે પરંતુ કર્મથી બંધાયેલો નથી હોતો તે પ્રરૂપણા કરવાવાળા.**

૩. ભોજન શા માટે કરવાનું છે? ભોજનનું શું બને છે? કોણ ઉપકારી છે? શા માટે?

**ભોજન સ્વાદ માટે નહિ શરીર ટકાવવા માટે કરવાનું છે. ભોજનની વિષ્ટા બને છે. કડવા શબ્દ કહેનાર ઉપકારી છે કારણ કે તે કર્મ ખપાવવામાં સહાયક બને છે.**

૪. પચ્ચકખાણની કિંમત કોણ ન સમજી શક્યું? તેઓ અત્યારે ક્યાં છે? દેવો શા માટે સંયમને ઝંખે છે?

**પચ્ચકખાણની કિંમત કંડરિક મુનિ ન સમજી શક્યા. તેઓ અત્યારે સાતમી નરકમાં છે. આવતા કર્મને અટકાવવા ભાવ અને આચરણ બંને આવશ્યક છે માટે દેવો સંયમને ઝંખે છે.**

૫. જીવહિંસા ક્યારે ઓછી થાય છે? વાસણ ધોયા પછી પાણી ક્યારે અચેત થાય?

**સવારે પાણિયારાના ગ્લાસ, લોટા તથા ચા-પાણીના વાસણ રાખથી ધોવાથી જીવહિંસા ઓછી થાય છે. વાસણ ધોયેલા પાણીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ ગયા હોય તો પાણીને અચેત સમજવું.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. સુવ્રતા સાધ્વી કેવા હતા?

**સુવ્રતા સાધ્વી સમિતિ, ગુપ્તિવંત હતા.**

૨. બહુપુત્રિકા દેવી કોની સાથે કઈ દિશામાંથી નીકળીને ભગવાનની સમક્ષ હાજર થયા?

**બહુપુત્રિકા દેવી પોતાના આભિયોગિક દેવો સાથે ઉત્તર દિશામાંથી નીકળીને ભગવાનની સમક્ષ હાજર થયા.**

૩. શરણરૂપ શું છે? શરણરૂપ શું નથી?

**કેવળીનો ધર્મ જ શરણરૂપ છે. અન્ય કોઈ આ જીવને શરણરૂપ નથી.**

૪. સકડાલપુત્ર ક્યાં રહેતા હતા? ત્યાંના રાજા કોણ હતા?

**સકડાલપુત્ર પોલાસપુર નગરમાં રહેતા હતા. ત્યાંના રાજા જિતશત્રુ હતા.**

૫. ગોશાલકને કયું જ્ઞાન હતું?

**ગોશાલકને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન હતું.**

૬. સકડાલપુત્રએ ગોશાલકને શેના માટે આમંત્રિત કર્યા?

**સકડાલપુત્રએ ગોશાલકને બાજોઠ, શય્યા તથા સંસ્તારક માટે આમંત્રિત કર્યા.**

૭. સુભદ્રા સાધ્વી બન્યા પછી શેની ગવેષણા કરવા લાગ્યા?

**સુભદ્રા સાધ્વી બન્યા પછી બાળકોમાં આસક્ત બનીને રમવાના રમકડાં, પાણી, મિઠાઈ, ખીર, દૂધ, ફૂલની માળા વગેરે પદાર્થોની ગવેષણા કરવા લાગ્યા.**

૮. સોમાદેવ કયા દેવ બનશે? ત્યાં તેની સ્થિતિ કેટલી હશે?

**સોમાદેવ સામાનિક દેવ બનશે. ત્યાં તેની સ્થિતિ બે સાગરોપમની હશે.**

૯. જીવ શેનાથી ભ્રષ્ટ થાય છે? શેનાથી ઘેરાયેલા છે?

**જીવ સન્માર્ગથી, સત્યથી ભ્રષ્ટ થાય છે. મિથ્યાત્વથી ઘેરાયેલા છે.**

૧૦. સકડાલપુત્રએ કેવી રીતે સહન કર્યું?

**સકડાલપુત્રએ આત્મબળ અને ધૈર્યથી સહન કર્યું.**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. ક્રોધને કહેજો ....... માન.

ક્રોધને કહેજો **આવે લઈ હથિયાર, ઢાલ ક્ષમાની રાખી મેં તૈયાર,**

**કોઈ ગાળ દે, એને પ્યાર દઉં, શક્તિ છતાં સમતા ધરૂં,**

**પણ ક્રોધી મારે થાવું નથી અને દુર્ગતિમાં હવે જાવું નથી.** માન.

૨. એ ચરણે ....... દીલમાં ય રે પ્રાણી.

એ ચરણે **પ્રાણી શાતા રે પાવે, પાવે તે લીલ વિલાસ રે પ્રાણી,**

**જન્મ, જરા ને મરણ મિટાવે, ન આવે ફરી ગર્ભાવાસ રે પ્રાણી...સાધુજી**

**એક વચન એ સદ્‌ગુરુ કેરું, જો બેસે** દીલમાં ય રે પ્રાણી.

૩. અશક્તિ ....... અદ્ભુત છે.

અશક્તિ **ને આસક્તિ ... આસક્તિ ... તને આજ ભલે સંસારમાં રોકે,**

**પણ લેવા જેવી છે દીક્ષા ... હાં દીક્ષા ... એ નિર્ણય કર એમાં કોઈ ન રોકી શકે,**

**સંયમના ભાવનો પ્રભાવ જબ્બર છે, સંયમના સંકલ્પે તારું સ્થાન ત્યાં** અદ્ભુત છે.

૪. દોલત ....... અગર.

દોલત **રહે યા ન રહે, ખુશીયાં હો ચાહે ગમ રહો,**

**ચાહે આંધી યા તૂફાન હો, મેરે પ્રાણ ભી કુરબાન હો ... ભગવંત ...**

**પથમેં હજારો વિધ્ન ભી, આયે ડિગાને જો** અગર.

**જય – જિનેન્દ્ર**

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
❋ FOR BOOKS AND EXAM REGISTRATION